**રે.દી.મુ.નં.૨૦/૨૦૨૩**

**:- આંક-૦૫ લગત હુકમ -:**

(૧).. અરજી વંચાણે લીધી. સાંભળ્યા. વાદીના વિ.વ.શ્રીની હાલની અરજી અન્વયે રજુઆત છે કે, પ્રતિવાદીઓની વાદીઓનો દરવાજો પ્રતિવાદીઓએ પ ફુટની નવોળીમાં ખુલે તે રીતે મુકેલ છે જે પ ફુટની નવોળીની જગ્યા વાદીના મકાનની ઉત્તરે આવેલ છે જે છોડીને આ કામના પ્રતિવાદીની માલીકીની જગ્યા આવે છે. જે પ ફુટની નવોડીની જગ્યા કોઈ પણ પક્ષકાર ખાનગી માલીકીની નહી પરંતુ નગર પાલીકાના માલીકીની જાહેર જગ્યા છે. જે વાદીએ ખોટી રીતે તેમાં બારી તથા બારણા ખુલે તે રીતે બનાવાનું કૃત્ય કરેલ છે. નવોડીની માલીકી સરકારની છે. તેમાં બારી કે બારણા ખુલે તે રીતે રાખવાના પ્રતિવાદીને કોઈ અધિકાર નથી. પ્રતિવાદીનું જુનુ મકાન દક્ષિણ ધ્વાર વાળુ નહી પરંતુ પશ્ચિમ ધ્વાર વાળુ જ હતુ. પ્રતિવાદીનું જુનુ મકાન જયારે પશ્ચિમ ધ્વારવાળુ હતુ હતુ ત્યારે તે મકાન તોડીને પ્રતિવાદી જયારે તે સ્થળે નવુ મકાન બનાવી રહેલ હોય ત્યારે પ્રતિવાદી તે નવા મકાનના દરવાજા દક્ષીણ દીશામાં મુકી નવો અધિકાર ઉભો કરી શકે નહી. જયારે મુળ જુનુ મકાન પ્રતિવાદીનું પશ્ચિમ ધ્વારનુ હતુ ત્યારે તેઓને પશ્ચિમ દિશાએ ધ્વાર મુકતા કોઈ અટકાવનાર ન હતું. આથી, પ્રતિવાદીએ પશ્ચિમ દિશામા જ ધ્વાર મુકી શકાય, નવો અધિકાર ઉભો કરી શકે નહી. આ ઉપરાંત, પ્રતિવાદીએ નવોળની જગ્યામા બાથરૂમ બનાવી દીધેલ છે જે પણ ગેરકાયદેસર છે. વાદીના મકાનના ઉત્તર દિશાએ આવેલ બારી તથા છજા કોઈને અડચણરૂપ નથી. જો તે બારી તથા છજા પ્રતિવાદીને અડચણરૂપ હોત તો પ્રતિવાદીએ આટલા વર્ષોથી ચોકકસપણે નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ હોત. આથી, વાદીએ માંગ્યા મુજબનો મનાઈ હુકમ આપવો જોઈએ.

(૨).. વાદીના વિ.વ.શ્રીની ઉપરોકત રજુઆતો ધ્યાને લીધી તથા કેસનો રેકર્ડ ધયાને લીધુ. આ કામે વાદીનો કેસ વાદીના વિ.વ.શ્રીની દલીલો સહીત ધ્યાને લેતા

વાદીના મકાનની ઉત્તરે નગરપાલીકાની માલીકીની ૫ ફુટની નવોળીની જગ્યા મુકી ઉત્તરે પ્રતિવાદીનું જુનુ મકાન આવેલ હતુ તે મકાન તોડીને પ્રતિવાદી તે જ જગ્યાએ નવુ મકાન બનાવી રહેલ છે. વાદીના પોતાના કેસ મુજબ વાદીએ દાવા અરજીના પાના નં.૩ ઉપર પોતે જ જણાવેલ છે કે ,પ્રતિવાદી તેઓના જુના મકાનના માપ મુજબ સદર નવોળી જગ્યા છોડી નવીન મકાનનું બાંધકામ કરવાનુ શરુ કરેલ. વાદીનો સમગ્ર કેસ ઘ્યાને લેતા પ્રતિવાદી ધવારા કરવામા આવી રહેલ બાંધકામ વાદીની માલીકીની કોઈ જગ્યામાં હોય તેવો કોઈ વાદીનો કેસ નથી. વાદીના પોતાના કેસ મુજબ પ્રતિવાદીએ પોતાના મકાનના ઉત્તર દીશાએ જે બારી તથા બારણા મુકેલ છે તે નવોળીની જગ્યા કે જે નગરપાલીકાની માલીકીની જાહેર જગ્યા છે તેમાં ખુલે છે. જયારે કોઈપણ વ્યકિતનું મકાન અથવા જમીન કોઈ જાહેર જગ્યાને અડીને આવેલ હોય તો તે જાહેર જગ્યા પર ખુલે તે રીતે તે જમીન કે મકાનમાં દ્વાર કે બારી મુકતા તે વ્યકિતને અટકાવવાનો કોઈને અધીકાર નથી. જાહેર જગ્યા પરથી જવા આવવાનો દરેક વ્યકિતને અધિકાર રહેલ છે. આમ, વ્યકિત પોતાની મીલકતને બારી અથવા બારણા જાહેર માલીકીની જગ્યામા ખુલે તે રીતે મુકે તેમાં વાદી તેમને અટકાવી શકે નહી. વાદી ઘ્વારા વઘુમા રજુઆત છે કે, પ્રતિવાદીએ આ જાહેર માલીકીની નવોળીની જગ્યામાં બાથરૂમનુ બાંધકામ પણ કરી દીધેલ છે. પરંતુ હાલનો કેસ વાદીએ પોતાના વ્યકિતગત અધિકારોના રક્ષણ માટે દાખલ કરેલ છે. જયારે પ્રતિવાદીનું બાંધકામ વાદી જણાવે છે તેમ નવોળીની ખુલ્લી જગ્યામાં બાથરૂમનું કરી દીધેલ હોવાની હકીકત વાદી જણાવે છે તેમ અક્ષરશ: માની લેવામા આવે તો પણ પ્રતિવાદીને તેમા અટકાવવાનો વાદીને વ્યકિતગત કોઈ અધિકાર નથી. હાલનો દાવો વાદીએ સીવીલ પ્રોસીજર કોડ,૧૯૦૮, ની કલમ– ૯૧(એ)(બી) હેઠળ દાખલ કરેલ નથી. વાદીનો હાલનો કેસ તેના વ્યકિતગત અધિકારોના રક્ષણ બાબતેનો છે.

(૩).. આ ઉપરાંત, વાદીની રજુઆત છે કે, પ્રતિવાદીના બાંધકામથી વાદીના

મકાનના ઉત્તર દિવાલમાં જે બારી તથા છજા આવેલ છે તેમાંથી હવા ઉજાસ મેળવવાનો તથા સુર્યપ્રકાશ મેળવવાના વાદીના અધિકારને નુકસાન પહોચી રહેલ છે. પરંતુ વાદીએ પ્રતિવાદીના બાંધકામથી વાદીની બારી તથા છજામાંથી આવી રહેલ હવા ઉજાસમાં વિક્ષેપ પડી રહેલ હોય તેવુ દર્શાવતુ કોઈ જ મટીરીયલ વાદી રજુ કરી શકેલ નથી. વળી, વાદીનો પોતાનો કેસ ધ્યાને લેતા વાદી પોતાની દાવા અરજીમાં પાના નં.૨ ના અંત ભાગ  તથા ૩ ઉપર  પોતે જ જણાવે છે કે, વાદીના બારીઓ તેમજ છજા નગરપાલીકાની નવોળલની ખુલ્લી જગ્યામાં ઉપરના ભાગે આવેલ છે.આમ, વાદીને પોતાના બારી તથા છજા જાહેર માલીકીની જગ્યામાં ઉપરના ભાગે આવેલ હોવાનું વાદીનુ પોતાનું પ્લીડીંગ છે. આ બાબતે વાદીના વિ.વ.શ્રીએ પોતાની દલીલ દરમ્યાન જણાવેલ છે કે, તે બારી તથા છજા કોઈને અડચણરૂપ નથી. જો તે બારી તથા છજા પ્રતિવાદીને અડચણરૂપ હોત તો પ્રતિવાદીએ આટલા વર્ષોથી ચોકકસપણે નામદાર કોર્ટમાં દાવો દાખલ કરેલ હોત. આમ, વાદીના પોતાના જે બારી છજામાંથી હવા ઉજાસ મેળવવાનો અધિકાર હોવાનું વાદી કલેઈમ કરે છે તે બારી તથા છજા સરકારી માલીકીની નવોળીની જગ્યામાં ઉપરના ભાગે આવેલ હોવાનું વાદી પોતે જણાવે છે. આમ, આ સંજોગોમાં વાદી જેની પોતાની વર્તણૂક પણ બ્લેઈમ રહીત નથી તે કોઈ સમન્યાયી દાદ અદાલતમાંથી તે વિષયવસ્તુ બાબતે મેળવી શકે નહી. વળી, ઉપરોકત ચર્ચા કરી તેમ વાદીએ જયારે સદર બારી તથા બારણાંમાથી આવતા સુર્યપ્રકાશ તથા હવા ઉજાસ પ્રતિવાદીના બાંધકામથી અટકતા હોય તેવુ કોઈ મટીરીયલ જયારે હાલના તબકકે રજુ જ કરેલ ન હોય ત્યારે પ્રતિવાદીના બાંધકામથી વાદીના સુર્યપ્રકાશન તથા હવાઉજાસ મેળવવાના અધિકારમા ખલેલ પહોચતી હશે તેમ માની લઈ પ્રતિવાદીને કોઈ મનાઈ હુકમ ફકત પ્રતિવાદી આ કામે હાજર થઈ વાદીના દાવાનો વિરોધ ન કરેલ હોવાના માત્ર કારણસર મંજુર કરી દેવાય નહી. જયારે પ્ર તિવાદીના બાંધકામથી વાદીના મકાનમાં વાદીને સુર્યપ્રકાશ તથા હવાઉજાસ

મેળવવામા અડચણ થતુ હોવાનું દર્શાવતુ કોઈ મટીરીયલ વાદીએ રજુ કરેલ ન હોઈ વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોવાનું મારુ માનવુ છે. આ ઉપરાંત, વાદીનો પોતાનો કેસ ધ્યાને લેતા વાદીના મકાનનો દરવાજો ઉત્તર ધ્વાર વાળો આવેલ હોવાનું વાદીએ જણાવેલ નથી. આથી, વાદીનુ મકાન જયારે ઉત્તર ધ્વારવાળુ ન હોય ત્યારે પ્રતિવાદીએ જો બાંધકામ વાદીના મકાનની ઉત્તર દિશાએ આવેલ નવોળીમાં કરેલ હોય તો પણ તેમાંથી વાદીના રસ્તાના કોઈ સુખાધિકારનો કે પોતાની મિલકતના વાપર ઉપભોગ માટેના કોઈ સુખાધિકારનો ભંગ થતો હોય તેવુ પણ કોઈ મટીરીયલ વાદીએ આ કામે રજુ કરેલ નથી. તેથી પણ વાદીનો પ્રથમદર્શની કેસ ન હોવાનું મારુ માનવુ છે. અત્રે ખુબ જ નોંધનીય છે કે, વાદી હાલના કામે પોતાના વ્યકિતગત અીધકારોના રક્ષણ માટે આવેલ છે. જે તમામ બાબત ધ્યાને લેતા વાદીનો પ્રથમદર્શનીય કેસ ન હોઈ હાલની અરજી મંજુરકરવાપાત્ર ન હોય ન્યાયના હીતમા હાલની અરજી પર નીચે મુજબ હુકમ કરુ છુ.

**<u>::- હુકમ -::</u>**

વાદીની હાલની મનાઈ અરજી નામંજુર કરવામા આવે છે. હાલની અરજીનો ખર્ચ દાવાના પરીણામને અનુસરશે. હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

સ્થળ :ખેરાલુ.
તારીખ :૦૩/૦૪/૨૦૨૪

(રાકેશકુમાર વસંતલાલ સોની)
એડીશનલ સીનીયર સીવીલ જજ ,
ખેરાલુ
**જજીસ કોડ નં.જી.જે.૦૧૧૯૩**